મહેસૂલ વિભાગ હેઠળ મંજૂર થયેલી મહેસૂલી તલાટીઓની ૧૮૦૦ની જિલ્લાવાર ફાળવણી કરવા અને હંગામી જગાઓ ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
ઠરાવ ક્રમાંક : તકમ /૧૦૨૦૧૩/૩૮૨/ ન
સચિવાલય, ગાંધીનગર.
**તા. ૨૩/૨/૨૦૧૫.**

**વંચાણે લીધો :-**

**(૧)** આ વિભાગના સરખા ક્રમાંકના તા.૨/૪/૨૦૦૧૩નો ઠરાવ.

**(૨)** આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૨/૨/૨૦૦૧૪નો ઠરાવ.

**પ્રસ્તાવના :**

મહેસૂલ વિભાગને લગતી કામગીરી જેવી કે હક્ક પત્રકોની જાણવણી, જમીન સુધારણાને લગતા હૂકમોની અમલવારી, મહેસૂલી તેમજ અન્ય વિભાગોના વિવિધ લેણાની વસૂલાત વગેરે મુદ્દા અન્વયે છેક ગ્રામ્ય કક્ષાએથી અસરકારક કામગીરી કરવા માટેની જરૂરિયાત ધ્યાને લઇ સંદર્ભ (૧) હેઠળના તા. ૨/૪/૨૦૧૩ના ઠરાવથી મહેસૂલી તલાટીઓની ૧૮૦૦ જગાઓ મંજૂર કરવામાં આવી છે. સંદર્ભ (૨) હેઠળના તા. ૧૨/૨/૨૦૧૪ના ઠરાવથી આ જગાઓ તા. ૧/૩/૨૦૧૫ થી તા. ૨૯/૨/૨૦૧૬ સુધી ચાલુ રાખવા મંજૂરી મળેલ છે.

સંદર્ભ (૧) હેઠળના તા. ૨/૪/૨૦૧૩ના ઠરાવથી મંજૂર કરવામાં આવેલી મહેસૂલી તલાટીઓની ૧૮૦૦ જગાઓની જિલ્લાવાર ફાળવણી વહીવટી કારણસર થઇ શકી નહોતી.

નવી ઊભી થયેલી અને તા.૨૮/૨/૨૦૧૫ સુધી ચાલુ રાખવામાં આવેલ આ ૧૮૦૦ (એક હજાર આઠ સો) મહેસૂલી તલાટીઓની હંગામી જગાઓને આગળ ચાલુ રાખવાની અને આ જગાઓની જિલ્લાવાર ફાળવણી કરવાની બાબત સરકારની વિચારણામાં હતી.

**-: ઠરાવ :-**

સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને આ ૧૮૦૦ (એક હજાર આઠ સો ) મહેસૂલી તલાટીઓની હંગામી જગાઓ તા. ૧/૩/૨૦૧૫ થી તા. ૨૯/૨/૨૦૧૬ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

સંદર્ભ (૧) હેઠળના તા. ૨/૪/૨૦૧૩ના ઠરાવથી મંજૂર કરવામાં આવેલી મહેસૂલી તલાટીઓની ૧૮૦૦ જગાઓની જિલ્લામાં સમાવિષ્ટ ગામડાઓની સંખ્યાને ધ્યાને લઇ આ સાથેના પત્રક – અ મુજબ જિલ્લાવાર ફાળવણી કરવામાં આવે છે.

(પાછળ જૂઓ)

આ અંગેનો ખર્ચ સને ૨૦૧૫-૨૦૧૬ ના વર્ષની બજેટ જોગવાઇને અધિન સરકાર દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં પ્લાન (આયોજન) હેઠળ નીચે મુજબના સદરે ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| **માંગણી ક્રમાંક** | : | ૭૮ (આયોજન) |
| **મુખ્ય સદર** | : | ૨૦૫૩ – જિલ્લા વહીવટ. |
| **ગૌણ સદર** | : | ૦૯૪ – જિલ્લા મહેકમ. |
| **પેટા સદર** | : | ૦૧ – કલેક્ટર કચેરીઓ. |

**એલ.એન.ડી. – ૨૪**

આ હુકમો આ વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા સલાહકારશ્રી (મહેસૂલ)ની તા. ૧૭/૧/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**( ડી. જી. પંડ્યા )**
ઉપ સચિવ,
મહેસૂલ વિભાગ,
ગુજરાત સરકાર.

**બિડાણ:- પત્રક-અ.**

પ્રતિ,

- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નાણા સલાહકારશ્રી, મહેસૂલ વિભાગ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સેકશન અધિકારીશ્રી, ઠ.૩ અને ન. ૧ શાખા, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- શાખા પસંદગી ફાઇલ – ૨૦૧૫.

મહેસૂલ વિભાગના તા. ૨૩/૨/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક : તકમ/૧૦૨૦૧૩/૩૮૨/ન સાથેનું

જિલ્લાવાર મહેસૂલી તલાટીઓની ફાળવણીનું **પત્રક – અ.**

| જિલ્લો | ગામડાઓની સંખ્યા | ફાળવવમાં આવેલ મહેસૂલી તલાટીની સંખ્યા |
|---|---|---|
| અમદાવાદ | ૪૯૮ | ૪૯ |
| અમરેલી | ૬૧૯ | ૬૧ |
| આણંદ | ૩૬૧ | ૩૫ |
| બનાસકાંઠા | ૧૨૩૯ | ૧૨૨ |
| ભરૂચ | ૬૭૯ | ૬૭ |
| ભાવનગર | ૬૯૯ | ૬૯ |
| દાહોદ | ૭૦૧ | ૬૯ |
| ડાંગ | ૩૧૧ | ૩૧ |
| ગાંધીનગર | ૨૮૭ | ૨૮ |
| જામનગર | ૪૩૬ | ૪૩ |
| જૂનાગઢ | ૫૩૪ | ૫૨ |
| કચ્છ | ૯૩૦ | ૯૧ |
| ખેડા | ૫૩૪ | ૫૨ |
| મહેસાણા | ૬૧૬ | ૬૦ |
| નર્મદા | ૩૪૫ | ૩૪ |
| નવસારી | ૩૮૮ | ૩૮ |
| પંચમહાલ | ૬૨૦ | ૬૧ |
| પાટણ | ૫૨૨ | ૫૧ |
| પોરબંદર | ૧૬૧ | ૧૬ |
| રાજકોટ | ૫૯૯ | ૫૯ |
| સાબરકાંઠા | ૭૧૦ | ૭૦ |
| સુરત | ૮૨૮ | ૮૧ |
| સુરેન્દ્રનગર | ૫૯૭ | ૫૯ |

| જિલ્લો | ગામડાઓની સંખ્યા | ફાળવવમાં આવેલ મહેસૂલી તલાટીની સંખ્યા |
|---|---|---|
| વડોદરા | ૬૯૩ | ૬૮ |
| વલસાડ | ૪૬૯ | ૪૬ |
| તાપી | ૫૨૩ | ૫૧ |
| અરવલ્લી | ૬૮૧ | ૬૭ |
| સોમનાથ | ૩૫૦ | ૩૪ |
| બોટાદ | ૧૯૩ | ૧૯ |
| છોટા ઉદેપુર | ૮૯૯ | ૮૮ |
| મોરબી | ૩૪૫ | ૩૪ |
| દ્વારકા | ૨૫૭ | ૨૫ |
| મહિસાગર | ૭૨૯ | ૭૧ |
| કુલ | ૧૮૩૫૩ | ૧૮૦૦ |